

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર, મોડાસા, પ્રાંતિજ, ઈડર, ઈલોલ અને દેરોલ ખાતે તાજિયાના જુલુસ માટે ઠેર-ઠેર કલાત્મક તાજિયાને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

### સાબરકાંઠા જિલ્લાની પોલીસ ઉંઘતી ઝડપાઈ

# ચૂંટણી ટાણે જ ધનસુરા તાલુકાના કરોલી ગામે ટ્રકે પલ્ટી ખાતા અંદાજે ૮૦ લાખ રૂપિયાનો દારૂ ઝડપાયો

## પોલીસને બગાસું ખાતાં પતાસું હાથમાં આવ્યું : શામાળાજી ચેક પોસ્ટ નધણીયાતી હોવાની પોલ ખુલી



બાયડ, તા. ૨૨

હાલ સમગ્ર રાજયમાં વિધાન સભા ની ચુંટણી નો માહોલ જામ્યો છે ત્યારે મતદારો ને રીઝવવા ઉમેદવારો દ્વારા મોટાપાયે સમગ્ર ગુજરાત રાજય માં દારૂ મોટા પાયે ઠાલવવામાં આવી રહયો છે જયારે આ વખતે ચુટણી પંચે પણ દારૂ ની બદી સામે લાલઆંખ કરી છે જયારે થોડા દિવસો પહેલા જ ગાંધીનગર ખાતે રાજસ્થાન અને ગુજરાત રાજય ના આઈ.જી કક્ષા ના અધિકારીઓ ની આ દારૂ ની બદી રોકવા માટે એક મહત્વ ની બેઠક યોજાઈ હતી અને દારૂ ની બદી નાથવા એકશન પ્લાન ઘડાયો હતો અને સાબરકાંઠા જીલ્લા ની ચાર ચેકપોસ્ટો ઉપર રાજસ્થાન અને ગુજરાત રાજય ની પોલીસ ની સખત દેખરેખ રાખવાો એકશન પ્લાન ઘડાયો હતો પરંતુ આ એકશન પ્લાન નુ જાણે સુરસુરીયુ થઈ ગયુ ઓય તેમ આજે સારકાંઠા જીલ્લા ના ધનસુરા નજીક આવેલ કરોલી ગામ ખાતે વહેલી સવારે સાડા પાંચ વાગ્યા ના સુમારે કરોલી નજીક હરીયાણા પાસીગ ની એક મોટી ટરબો ટ્રક પલટી ખાતા રોડ ઉપર દારૂ ની રેલમ છેલ થઈ ગઈ હતી જયારે આ ટ્રક શામળાજી ચેક પોસ્ટ ઉપર અને રાજસ્થાન ચેકપોસ્ટ ઉપર થી કઈ રીતે પસાર થઈ ગઈ તે પણ એક ચર્ચા નો વિષય છે જયારે લોક મુખે એવી પણ ચર્ચાએ જોર પકડયુ છે કે શુ શામળાજી ચેક પોસ્ટ ઉપરથી રોજ ની આવી કેટલીય ગાડી ઓ વગર રોક ટોકે પસાર થઈ જતી હશે? શુ સાબરકાંઠા જીલ્લા ની પોલીસ ને મસ મોટો હપ્તો મળી રહયો છે ? કે પછી કોઈ મોટા નેતા ના ઈશારે આ ગાડીઓ પસાર થઈ રહી છે ? કે પછી શામળાજી ચેક પોસ્ટ ન ધણીયાતી છે ? તેવા કેટલાય પ્રશ્નો પ્રજાના મનમાં ઉદભવી રહયા છે જયારે પોલીસ ની કામગીરી સામે પ્ર જામાં પ્રશ્નાર્થ ઉભો થયો છે જયારે અત્રે ઉલ્લેખનીય છે આપણા ગુજરાત રાજય ના ગૃહમત્રી પ્રફુલભાઈ પટેલ પણ આજ જીલ્લાના છે જયારે ગૃહમંત્રી ના જિલ્લા એવા સાબરકાંઠા જીલ્લા માંથી પોલીસ ની નાક નીચે થી જો આટલો બધો દારૂ મોટાપાયે પસાર થતા હોય તો સમગ્ર ગુજરાત રાજય માં થી કેટલો દારૂ ઠલવાતો હશે તે પણ એક ચર્ચા નો વિષય છે જયારે આ ટ્રક ના કન્ટેનર માં એટલો બધો માલ ભરેલો છે હાલ આ સમાચાર લખાય છે ત્યાં સુધી પોલીસ ગણતરી કરી રહી છે અત્રે ઉલ્લેખનીય છે હમણાં થોડા સમય પહેલા મોડાસ નજીક થી અંદાજે રૂ એક કરોડ રૂપીયા નો દારૂ ભરેલ ટ્રક ઝડપાઈ હતી જયારે ટુંકા સમય ગાળા માં ફરીવાર આટલો મોટો પ્રમાણ માં દારૂ નો જથ્થો ઝડપાતા ચકચાર મચી ગઈ હતી

ધનસુરા તાલુકા ના કરોલી ગામ નજીક હાઈવે ઉપર ટ્રક નંબર એચ.આર.૫૬.કે ૯૨૪૯ નંબર ની પર પ્રાંતી ટ્રક રોડ નુ કામ ચાલતુ હોવાથી પલટી ખઈ જતાં તેમાથી લાખો રૂપીયાનો દારૂ મળી આવ્યો હતો જયારે આ અંગે ની જાણ ધનસુરા પીએસ.આઈ વાળા અને તેમની ટીમ ને થતાં તેમણે ઘટના સ્થળ ઉપર આવી આ ગાડી નો કોર્ડન કરી હતી અને તુરતજ વિભાગીય પોલીસ વડા ઝાલા ને જાણ કરતાં તેઓ અને બાયડ સી.પી.આઈ .પટેલ ઘટના સ્થળ ઉપર તાબડતોબ દોડી આવ્યા હતા જયારે પોલીસ દ્વારા હાલ તો એવુ જરટણ ચાલુ રાખાવામાં આવ્યુ છે કે બાતમી ના આભારે ટ્રક નો પીછો કરવામાં આવ્યો હતો તો શામળાજી ચેક પોસ્ટ પરથી ટ્રક કઈ રીતે પસાર થઈ મોડાસાની હદમાંથી ટ્રક કરઈ રીતે પસાર થઈ અને છેક કરોલી આવી ને પલટી ખાધા પછી ઝડપાઈ તેવુ રટણ રટવામાં આવી રહયુ છે જયારે આ કન્ટેનર માં માલ પણ વધારે ભરેલો હતો અને સ્પીડ પણ એટલી બધી ન હોઈ શુ પોલીસ ની ગાડી આ ટ્રક ને કેમ પકડી શકી નહી આ બધા પ્રશ્નો પોલીસ ને શંકા ના દાયરા માં ઉભા કરી રહી છે ખેર હાલ તો પોલીસ દ્વારા આ માલ કયાંથી આવ્યો અને કયાં ઠલવાવાનો હતો તે દીશામાં તપાસ થઈરહી છે.

# ચુંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર સહિત પાંચથી વધુ વ્યક્તિઓ દાખલ થઇ શકશે નહી

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લા અધિક મેજીસ્ટ્રેટશ્રી એમ. એન. ગઢવીએ ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂટણી ૨૦૧૨ દરમિયાન ત્રણથી વધું વાહનોના કાફલાની અવરજવર પર નિયંત્રણ કરાયું છે. મહેસાણા જિલ્લાના સમ્રગ વિસ્તારના જાહેર રસ્તા ઉપર ચૂંટણીલક્ષી સરઘસની કાર, વાહનોને ત્રણથી વધુ બેનેલા કાફલા સ્વરૂપે પસાર થવા દેવામાં આવશે નહી.કેન્દ્ર કે રાજય સરકારના કોઇ મંત્રીશ્રીને અગર સુરક્ષા ધરાવતી વ્યક્તિને લાવવા કે લઈ જવાના -સંગે પણ તે કાફલાના વાહનોને અલગ કરવાના રહેશે. ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં વધુમાં વધુ ૩ (ત્રણ) વાહનો લઈ ઉમેદવાર આવી શકશે. ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર સહિત કુલ ૫ પાંચ વ્યક્તિઓ જ દાખલ થઈ શકશે. પાંચથી વધુ વ્યકિતઓ દાખલ થઈ શકશે નહી.

આ હુકમ જિલ્લા મેજીસ્ટ્રેટ,પોલીસ વાહનો, ચૂંટણી કામે જતા સ્ટાફના વાહનો, સક્ષમ અધિકારી દ્વારા સંપાદન કરેલ વાહનો તેમજ સુરક્ષાના સંબંધે સલામતી કર્મચારીઓના વાહનોને લાગુ પડશે નહી. આ હુકમ ૨૦ નવેમ્બરથી ૨૦ ડિસેમ્બર સુધીમાં અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, કરાવનાર કે મદદગારી સામે કલમ ૧૩૧ તથા ફોજદારી અધિનિયમ કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# વિસનગર વિધાનસભા બેઠક માટે ઉમેદવારીપત્રો ભરાશે

મહેસાણા, તા. ૨૨

વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૨ વિસનગર માટે વિધાનસભા મતદાર વિભાગના ઉમેદવારી પત્રો ૨૩ નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી ભરાશે. વિસનગર તાલુકા સેવા સદન, દગાલા વિસનગર કચેરી ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને મામલતદાર વિસનગર, તાલુકા સેવાસદન, દગાલા વિસનગર ખાતે સવારે ૧૧.૦૦ કલાકેથી ૧૫.૦૦ કલાક દરમિયાન કામકાજના દિવસો દરમિયાન ફોર્મ ભરાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી ૦૧ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ઉમેદવારી પત્રો ૦૩ ડિસેમ્બર બપોરના ૦૩.૦૦ કલાક સુધીમાં પાછા ખેંચી શકાશે. જરૂરીયાત ઉપસ્થિત થયે મતદાન ૧૭ ડિસેમ્બર ૨૦૧૨ ના રોજ સવારે ૦૮.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે. તેમ ચૂંટણી અધિકારી ૨૨ વિસનગર વિધાનસભા મત વિભાગ -વિણા ડી.કે.ની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# ઊંઝા વિસ્તારમાં દેશી-વિદેશી દારૂની વકરેલી બદીને ડામવા માટે પોલીસતંત્ર નિષ્ફળ

ઊંઝા, તા. ૨૨

રાજયમાં વિધાનસભાની ચૂંટણીને લઈને ઊંઝા વિસ્તારમાં દેશી વિદેશી દારૂની વકરેલી બદીને ડામવા માટે પોલીસતંત્ર દ્વારા અવારનવાર દારૂ અંગે દરોડો પાડવામાં આવે છે. તેમ છતાં દારૂના ગેરકાયદે ધંધા સાથે સંકળાયેલા કેટલાક તત્વો હજી પણ કાયદાનો કે પોલીસનો જાણે કોઈ ડર કે ભય રાખ્યા વિના પરપ્રાંતમાંથી દારૂ ઘુસાડીને તેનું વેચાણ કરી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

ચૂંટણી સમયે પરપ્રાંતમાંથી દારૂ ઘુસાડવાની બુટલેગરોની પ્રવૃત્તિને અટકાવવા માટે તાજેતરમાં ગાંધીનગર અને ઉદેપુર રેન્જના આઈ.જી.પી. સહિત આંતર રાજ્ય સરહદ પરના જિલ્લાઓના પોલીસ વડાઓની બેઠક મળી હતી. જેમાં રાજ્યમાં દારૂબંધી હોવા છતાં પરપ્રાંતમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવામાં આવે છે. તેને અટકાવવા માટે એક્શન પ્લાન બનાવવામાં આવ્યો છે. તેમ છતાં ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી કેટલાક પરપ્રાંતના બુટલેગરો અત્રે દારૂ લાવીને યા મંગાવીને તેનું વેચાણ કરી રહ્યાનું કહેવાય છે.

દારૂની બદીને અટકાવવા માટે પોલીસતંત્ર દ્વારા અવારનવાર દરોડા પડાય છે. જેમાં પોલીસને સફળતા મળે છે. આમ છતાં દારૂના ધંધા સાથે સંકળાયેલા કેટલાક પરપ્રાંતના મારવાડી ઈસમો બિન્દાસ્ત રીતે દારૂ ઘુસાડીને તેનું વેચાણ કરી તગડી કમાણી કરી રહ્યા છે તેવું ચર્ચાય છે. દરમિયાન ચૂંટણી સમયે પોલીસ દફતરે નોંધાયેલ બુટલેગરો વિરૂદ્ધ હદપારી, પાસા જેવા કાનૂની રાહે પગલાં ભરાતા હોય છે. પરંતુ હજુ સુધી આ વિસ્તારમાં બુટલેગરો સામે કોઈ કડક પગલાં ભરાયા હોય તેમ જણાતું નથી. આ બાબતે રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સત્વરે બુટલેગરો વિરૂદ્ધ કાનૂની રાહે કડક પગલાં ભરાય તે માટે જરૂરી કાર્યવાહી કરવી જોઈએ તેવું લોકોમાં બોલાય છે.

ઊંઝા પોલીસ સ્ટેશનના પી.આઈ. નંદાસણાને દારૂ પ્રકરણમાં સસ્પેન્ડ કર્યા બાદ છેલ્લા એક મહિનાથી સ્થાનિક પોલીસમથકે રેગ્યુલર પી.આઈ.ની નિયુક્તિ કરવામાં આવી નથી. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને પગલે ખેરાલુ પી.આઈ. વ્યાસને ઊંઝા પી.આઈ. તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. ત્યારે અત્રે સત્વરે પી.આઈ.ની નિયુક્તિ કરવી જરૂરી બન્યું છે.

# મહેસાણા જિલ્લા વિધાનસભાની સાત બેઠકો માટેનો કાર્યક્રમ જાહેર

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લાની સમાવિષ્ટ સાત વિધાનસભા બેઠકો માટે ૨૩ નવેમ્બરથી જાહેરનામું બહાર પડનાર છે.જેનો કાર્યક્રમની અમલવારી નીચે મુજબ છે. જાહેરનામું બહાર પડે ઉમેદવારી પત્રો ભરી શકાશે

| | |
|---|---|
| જાહેરનામું બહાર પાડવાનીતારીખ | ૨૩ નવેમ્બર |
| ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | ૩૦ નવેમ્બર |
| ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ | ૦૧ ડિસેમ્બર |
| ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની તારીખ | ૦૩ ડિસેમ્બર |
| મતદાનની તારીખ | ૧૭ ડિસેમ્બર |
| મતગણતરીની તારીખ | ૨૦ ડિસેમ્બર |
| ચુંટણી -ક્રિયા પુર્ણ | ૨૪ ડિસેમ્બર |

# પ્રાંતિજ વિધાનસભા ચૂંટણીના ઓબ્ઝર્વર તરીકે એસ.એલ નિમાયા

પ્રાંતિજ વિધાનસભા ચૂંટણીના ઓબ્ઝર્વર તરીકે છતીસગઢના જનરલ ઓબ્ઝર્વર એસ.એલ. રાત્રે નિમાયા છે.

સાબરકાંઠા જિલ્લાના ૩૩ પ્રાંતિજ વિધાનસભા વિભાગના ચૂંટણી અધિકારી તરીકે પ્રાંત અધિકારી આશાબેન શાહ કામગીરી સંભાળી રહ્યા છે. જયારે ચૂંટણી ઓબ્ઝર્વર તરીકે છતીસગઢના જનરલ ઓબ્ઝર્વર એસ.એલ. રાત્રે નિમાતા તેઓએ ચૂંટણીની તમામ કામગીરીનું નિરીક્ષણ કરી કામગીરી કરી હતી.

# સક્ષમ અધિકારીની મંજુરી વિના સભા કે સરઘસ ભરવા પર -તિબંધ

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લા અધિક મેજીસ્ટ્રેટશ્રી એમ.એન.ગઢવીએ મહેસાણા જિલ્લાના સમ્રગ વિસ્તારોમાં મંજુરી વિના સભા કે સરઘસ નીકાળવા કે બોલાવવા પર -તિબંધ ફરમાવ્યો છે. ૨૨ નવેમ્બરથી ૦૬ ડિસેમ્બર દરમિયાન સક્ષમ અધિકારીશ્રીની મંજુરી વિના અનઅધિકૃત રીતે , ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની સભા કરવી કે બોલાવવી કે સરઘસ કાઢવા પર -તિબંધ ફરમાવ્યો છે. આ હુકમ સરકારી નોકરીમાં ફરજ પર હોય તેવી વ્યક્તિઓને, લગ્નના વરઘોડાને, સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર કે કરાવનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૧૩૫(૩) તેમજ ભારતીય ફોજદારી અધિનિયમ કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટેરશ્રી એમ.એન.ગઢવીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ

ભારત સરકાર દ્વારા દર વર્ષે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા યોજાય છે. જેમાં સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સની કેડરમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામના જયેશકુમાર વણકરે આસિસ્ટન્ટ કમાન્ડરની પરીક્ષા ઉત્તીર્ણ કરી સફળતા પ્રાપ્ત કરી છે. ગુજરાત સરકારની આઈ.એ.એસ. સ્ટડી સેન્ટર સ્પીપાના માર્ગદર્શનથી અપૂર્વા રાવ, વિમલ ચક્રવર્તી અને જયેશ વણકરે પરીક્ષામાં સફળતા મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. સમગ્ર ભારતમાંથી ૫૬૭ ઉમેદવારો પૈકી ગુજરાતનાં ત્રણ વિદ્યાર્થીઓની પસંદગી થવા પામી છે.

# કલેકટરશ્રીની અધ્યક્ષતામાં એમ. સી. એમ. સી.ની બેઠક

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લા કલેકટરશ્રી રાજકુમાર બેનીવાલની અધ્યક્ષતામાં મિડીયા મોનીટરીંગ એન્ડ સર્ટીફીકેશન કમીટીની બેઠક બોલાવવામાં આવી હતી. ૨૩ નવેમ્બરના જાહેરનામા બાદ ઉમેદવારની નોમીનેશન -ક્રિયા શરૂ થનાર છે. આ -ક્રિયા બાદ એમ.સી.એમ.સીની કામગીરી વધું અસરકારક રહેશે તેમ જણાવ્યું હતું. કલેકટરશ્રીએ -િન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમોમાં આવતા પેઈડ સમાચારો પર ધ્યાન કેન્દ્રીત કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત બ્લક એસ.એમ.એસ બાબતે પણ અસરકારક કામગીરી કરવાનું સુચન કર્યું હતું.

એમ.સી.એમ.સી ટીમે -ચાર -સારના દરેક માધ્યમો પર નજર રાખવા જણાવ્યું હતું. આ બેઠકમાં એમ.એસી.એમ.સીના સભ્ય સચિવશ્રી પરેશ શાહ, નોડલ ઓફિસર સી.એચ.શાહ સહિત ટીમના સભ્યો હાજર રહ્યા હતા.

# ડીસા પંથકમાં ઠંડીના ચમકારા સાથે ગરમ કપડાનું વેચાણ વધ્યું

ડીસા, તા. ૨૨

રાજ્યમાં નવરાત્રીની વિદાય થતાં જ ઠંડીએ એકાએક જોર પકડ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં ડીસા પંથકમાં પણ ઠંડીના ચમકારા સાથે સાથે ગરમ કપડાનું વેચાણ વધી ગયું છે.

બનાસકાંઠા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં શિયાળાની ઋતુ મધ્યભાગમાં પહોંચી ગઈ છે. ધીરે ધીરે જિલ્લાના તમામ વિસ્તારોમાં ઠંડીનો ચમકારો પ્રતિદિન વધી રહ્યો છે. મોડી રાતથી વહેલી સવાર સુધી ઠંડીનો ચમકારો વર્તાતા લોકોને ગરમ કપડાં અને તાપણાના સહારે સમય વિતાવવો પડે છે. રાજ્યમાં ઠંડીનો પ્રકોપ દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે દિવાળીના તહેવારો પછી સાંજે પાંચ વાગ્યા પછી ઠંડી વધુ જામતી જાય છે. લોકો ઠંડીમાં ઠૂઠવાવા લાગ્યા છે. બે દિવસ પહેલા ૧૪.૭ ડિગ્રી તાપમાન જે આ સીઝનનું સૌથી નીચુ તાપમાન નોંધાયું છે. ઠંડીના ચમકારા સાથે-સાથે યુવાનો, યુવતીઓ, વડીલો, વૃદ્ધો, માતા-બહેનો સૌ ગરમ કપડાં લેવા બજારોમાં ઉમટી પડ્યા છે. બજારો પણ લોકોની ભીડથી ધમધમી રહ્યા છે. ઉનની સાલ, સ્વેટર, ગરમ ટોપી, જાકેટ, હાથના ગરમ મોજા, જીન્સ બનાવટના જાકીટ વગેરેમાં અવનવી વેરાયટીઓ આવતાં સૌ ગરમ વસ્ત્રો ખરીદી રહ્યા છે.

ડીસા શહેરના કેટલાય વિસ્તારમાં સેકન્ડ હેડ ગરમ કપડાનાં સ્ટોલ પણ મુકાયા છે. જેમ જેમ ઠંડીનો ચમકારો વધી રહ્યો છે તેમ તેમ ગરમ કપડાનું વેચાણ પણ વધી રહ્યું છે. ખાસ તો દાંતીવાડા જળાશયનું પાણી પિયત માટે છોડાતા જિલ્લામાં ઠંડીનું પ્રમાણ એકાએક વધી ગયું છે. ઠંડીના પગલે સાંજે બજારો પણ વહેલા બંધ થઈ જાય છે અને સવારે વેપારીઓ દુકાનો ખોલવા માટે મોડા આવે છે. ડીસા પંથકમાં સમગ્ર જનજીવન ઠંડીની અસરતળે વર્તાઈ રહ્યું છે.

# રામપુરા ગામની પરિણીતાએ અગમ્ય કારણોસર સળગી આત્મહત્યા કરી

માણસા, તા. ૨૨

માણસા પાસેના રામપુરા ગામની પરિણીતાએ આજે સવારે પોતાના ઘરમાં કોઈ કારણોસર શરીર પર કેરોશીન છાંટી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. જે બાબતની જાણ માણસા પોલીસને થતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા તાલુકાના રામપુરા ગામે રહેતા અને છુટક મજુરી કરતા રાવલ અમૃતભાઈ મેલાભાઈ ઉં.વ. ૨૭ વર્ષીય પત્ની ચંદ્રીકાબેન આજે સવારે તેમના બે વર્ષીય બેબી અને સાત માસના બાબા સાથે ઘરે એકલા હતા અને ચિત્તવાયુથી પીડાતી આ પરિણીતાએ પોતાના બંને બાળકો ઘરની બહાર મુકી અગમ્ય કારણોસર ઘરમાં જઈ પોતાની ઉપર કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દીધી હતી અને આજુબાજુથી કોઈ બચાવવા આવે તે પહેલાં જ ગંભીર રીતે દાઝીલી ચંદ્રીકાબેનનું સ્થળ પરજ મોત નીપજ્યું હતું. જે બાબતની જાણ માણસા પોલીસને થતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હે.કો. મફતલાલ દેસાઈ ચલાવી રહ્યા છે.

# એજન્ટ દ્વારા વિદેશ ગયેલા ત્રણ યુવાનો વીલે મોંઢે પાછા ફર્યા

## એગ્રીમેન્ટ પ્રમાણે નોકરી ન મળતાં એક યુવાનની પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના જેનપુર ગામના ત્રણેક યુવાનોને સાઉદી અરબિયા મોકલી વદરાડના એક એજન્ટે કહેવા પ્રમાણે એગ્રીમેન્ટ પ્રમાણેની કામગીરી ન આપી માનસિક ત્રાસ થતાં ત્રણેય યુવાનો પરત ફર્યા છે અને તેમાના એક યુવાને આ અંગે પ્રાંતિજ પોલીસને જાણવા જોગ ફરિયાદ નોંધાવી છે.

પ્રાંતિજ તાલુકાના જેનપુર ગામના સોલંકી હિરાભાઈ ધર્માભાઈ કિસ્મતસિંહ, વનરાજસિંહ વગેરેને વદરાડ ગામના કાન્તીભાઈ વણકરે 'ખેતીવાડીમાં સાઉદી અરબીયામાં ખૂબ કમાણી છે ત્યાં મબલક પૈસાને પગાર મલે છે તેમ સમજાવી' આ યુવાનોએ ૮૫ હજાર રોકડા લઈને તેમને સાઉદી અરબીયામાં એક આરબના ત્યાં નોકરી મુક્યા હતા. જ્યાં તેમને ૮૦ ઊંટ, ૪૦ બકરાં ચરાવવા જવાનું કામ સોંપાયું હતું. આરબ દ્વારા માનસિક ત્રાસ પણ અપાતો હતો. પગાર પણ અપાતો ન હતો. ત્રણેય યુવાનોને બે મહિનામાં મફતની મજૂરી કરાવી ત્રાસ આપી ભારત મોકલી દેતા આ ત્રણેય એજન્ટ કાન્તીભાઈનો સંપર્ક કરતાં એજન્ટે 'ખેલ ખતમ થઈ ગયો, થાય તે કરી લો' એમ કહી અણઘડ જવાબ આપતા તેઓએ પોલીસનો આશરો લીધો છે. યુવાનો વિદેશ જવાની લ્હાયમાં ઘરમાં દેવું કરીને પણ ઘર છોડીને વિદેશ જાય છે ત્યારે આવા લેભાગુ એજન્ટોનો ભોગ બનતાં નિરાશ બની હાથે પગે થઈ જાય છે.

# ધનસુરા બાયડ માર્ગ પર દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું

ધનસુરા, તા. ૨૨

ધનસુરા બાયડ માર્ગ ઉપર એક દારૂ ભરેલુ કન્ટેનર જઈ રહ્યું હતું ત્યારે પેટ્રોલીંગ કરી રહેલી પોલીસને શંકા જતા તેનો પીછો કર્યો હતો. પોલીસને પાછળ આવતી જોઈને કન્ટેનરનો ડ્રાઈવર ગભરાઈ ગયો હતો અને વધુ સ્પીડમાં કન્ટેનર ભગાવ્યુંહતું. દરમિયાન રોડ પરના સમારકામના લીધે કન્ટેનર પલ્ટી ખાઈ ગયુંહતું અને કન્ટેનરમાં રહેલો વિશાળ દારૂનો જથ્થો પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

ધનસુરા બાયડ માર્ગ ઉપર એક દારૂ ભરેલું કન્ટેનર જઈ રહ્યું હતું. પેટ્રોલીંગ કરી રહેલી પોલીસને શંકા જતાં કન્ટેનરનો પીછો કરેલો જેથી પોલીસને પાછળ પડેલી જોઈ જતાં કન્ટેનરનાં ડ્રાઈવર ગભરાઈ જતાં કન્ટેનર ઉપર કાબુ ગુમાવી ચુકેલો. પરિણામે કન્ટેનર પલટી ખાઈ ગયું હતું. જેથી કન્ટેનરમાં રહેલો વિશાળ જથ્થો પોલીસને હાથ લાગેલો. ધનસુરા તાલુકાના ઈતિહાસમાં આવડી મોટી માત્રામાં લોકો દારૂ જોઈ દંગ રહી ગયા હતા.

આ બનાવ અંગેની વિગત એવી છે કે ગત રોજ તા. ૨૧ના રોજ ધનસુરા પી.એસ.આઈ. એ.કે. વાળા તથા રાઈટર દિનેશભાઈ લાલાભાઈ વગેરે રાત્રી પેટ્રોલીંગ કરતા હતા જે વહેલી સુમારે એક શંકાસ્પદ કન્ટેનર ટ્રેઈલર એચ.આર.૫૬-કે-૯૨૪૯ સંકાસ્પદ જણાતા પોલીસ સ્ટાફે પીછો કરેલો. ટ્રેઈલર ચાલક ટ્રક મુકી ફરાર થઈ ગયેલ હતો આ સખ્સ ભાગી ગયેલા ટ્રક ડ્રાઈવર વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

# કલોલ વિધાનસભા મત વિભાગ માટે નામાંકનપત્રો ભરવા જોગ

ગાંધીનગર, તા. ૨૨

ભારતના ચૂંટણીપંચ તરફથી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજવાની તા. ૩ ઓક્ટોબર-૨૦૧૨ના રોજ જાહેરાત કરવામાં આવી છે. જે અનુસાર ગાંધીનગર જિલ્લાના ૩૪-દહેગામ, ૩૫-ગાંધીનગર (દ), ૩૬-ગાંધીનગર (ઉ)૩૭-માણસા અને ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજ યોજાનાર છે. મતગણતરી તા. ૨૦મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનાર છે.

ગાંધીનગર જિલ્લા વિધાનસભા મતદાર વિભાગમાં ચૂંટણી પંચનું જાહેરનામુ તા. ૨૩-૧૧-૨૦૧૨ના રોજ બહાર પાડવામાં આવશે. તેમજ ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૩૦-૧૧-૨૦૧૨ છે. ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ ૧-૧૨-૨૦૧૨ના રોજ કરવામાં આવશે. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૩-૧૨-૨૦૧૨ છે. તેમજ મતદાન તા. ૧૭-૧૨-૨૦૧૨ના રોજ યોજાશે.

૩૮- કલોલ વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારી શ્રી એચ.એન. પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ૩૮-કલોલ વિધાનસભા મત વિભાગની સામાન્ય ચૂંટણીમાં ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મુકનાર પૈકી કોઈ એક વ્યક્તિ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, પ્રાંત અધિકારીની કચેરી, સરદાર બગીચા ચાર રસ્તા, કલોલ ખાતેથી તા. ૨૩-૧૧-૨૦૧૨ થી તા. ૩૦-૧૧-૨૦૧૨ દરમ્યાન સવારના ૧૧.૦૦ કલાકથી બપોરના ૩.૦૦ કલાક સુધીમાં નામાંકન પત્રના નમુના ઉપરોક્ત દર્શાવેલ સ્થળેથી મેળવી શકશે.

**ખજાનો (પાના નં. ૨ નું ચાલુ)**

**● આ સપ્તાહનો સવાલ...?**

**સંસદ પર હુમલો કરનાર કયાં આતંકવાદીને હજુ ફાંસીની સજા આપવાની બાકી છે?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

**● સાચા જવાબો :-**

[illegible]